## તલાટીની અનિયમિતતા સહિતના મુદ્દે સરપંચોની રજૂઆત

**નાનાપોંઢાના** કોઠાર સેજાના તલાટી સામે અગાઉ રજૂઆત કરી હતી છતા તપાસ થઈ ન હતી

વલસાડ : નાનાપોંઢાના ભંડારકચ્છ અને કોઠારના સરપંચોએ તલાટી વહીવટીકામ ઉપર ધ્યાન ન આપતા, લોકો સાથે યોગ્ય વર્તન ન કરતા, અનિયમિત આવવા સહિતના આક્ષેપો સાથે તાલુકા વિકાસ અધિકારીને જાણ કરી છે. અગાઉ આજ મુદ્દે ડી.ડી.ઓ.ને રજૂઆત કરી છતાં કોઈ તપાસ થઈ નથી. ભંડારકચ્છના સરપંચ ગંગાભાઈ ગાંવિત અને કોઠારના સરપંચ રણજીત ભૂસારાએ કરેલી રજૂઆતમાં જણાવ્યા મુજબ, કોઠાર સેજાના તલાટી નિયમિત આવતા નથી. કામ ઉપર ધ્યાન આપતા નથી, અરજદારો સાથે પણ યોગ્ય વર્તન કરતા નથી. નાણાંપંચના કામ પૂર્ણ થઈ ગયા હોવા છતાં પેમેન્ટમાં વિલંબ કરાય છે. જેને લઇ સમસ્યા ઉભી થતી હોય તલાટીની બદલી કરવાની માંગ કરી છે.

# નવસારીમાં પાણીની ગંભીર સમસ્યાથી લોકો પરેશાન

**આશા** નગરમાં ત્રણ મહિનાથી ગંદા અને અનિયમિત પુરવઠાથી રહીશો મુશ્કેલીમાં

**લોકોની** પાલિકામાં લેખિત અને મૌખિક રજૂઆતો છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી



નવસારી : શહેરના જાણીતા રહેણાંક વિસ્તાર આશા નગરમાં છેલ્લા ત્રણ મહિનાથી પાણીની ગંભીર સમસ્યા ઊભી થતા રહીશો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ નગરપાલિકા દ્વારા મળતું પાણી દૂષિત અને ગંદુ આવી રહ્યું છે, જેના કારણે તેનો પીવા કે ઘરેલુ ઉપયોગ માટે ઉપયોગ કરવો મુશ્કેલ બન્યો છે.

રહીશોની ફરિયાદ છે કે પાણી પુરવઠાનો કોઈ નિશ્ચિત સમય નથી. દિવસમાં થોડા સમય માટે જ પાણી આવે છે અને તે પણ અચાનક બંધ થઈ જાય છે. અનિયમિત પુરવઠાના કારણે મહિલાઓ અને નોકરીયાત લોકો માટે પાણી સંગ્રહ કરવું મુશ્કેલ બની રહ્યું છે.

વિસ્તારના રહીશોએ અનેક વખત નગરપાલિકામાં લેખિત અને મૌખિક રજૂઆતો કરી હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. પોશ વિસ્તાર હોવા છતાં મૂળભૂત સુવિધા માટે લોકો પરેશાન થવું પડે છે તે બાબતે રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

જો તાત્કાલિક શુદ્ધ અને નિયમિત પાણી પુરવઠો શરૂ નહીં થાય તો આશા નગરના રહીશોએ આગામી સમયમાં આંદોલન કરવાની ચેતવણી આપી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કરવડમાં ટ્રાન્સપોર્ટના ટેમ્પામાંથી કોપર કોઈલ બોક્ષની ચોરી

વાપી : વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી નજીકના ચણોદ ગામ સ્થિત ચાલીમાં વિવેક યોગેન્દ્ર તિવારી (ઉ.32) રહે છે અને તેઓ કરવડમાં આવેલી પી.એમ.પી. ટ્રાન્સપોર્ટ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે. ગત તા.25-2-26 ના રોજ અલગ-અલગ કંપનીનો માલસામાન બુકીંગ કરી માલસામાન એક ટ્રાન્સપોર્ટ ટેમ્પોમાં ભરી રાજકોટ રવાના કર્યો હતો. જો કે, રાત્રિના સમયે ટ્રાન્સપોર્ટના ડ્રાઈવરનો ફોન આવ્યો કે, ગાડી બગડી ગયેલી છે અને વાપી કરવડમાં આવેલી એસ.આર.હાર્ડવેર એન્ડ ઈલેક્ટ્રોનિક દુકાન પાસે છે અને હું ગાડીમાં જ સૂતો છે. તેઓ સવારે જાગ્યા તો ટેમ્પાના પાછળના ભાગેથી દોરડું કાપીને 1 કોપર કોઈલ બોક્ષ (કિંમત આશરે 1,31,192) ચોરી થઈ ગઈ હતી. આ બનાવ અંગેની ફરિયાદ વિવેકે વાપી ડુંગરા પોલીસ મથકે કરી હતી.

### ધોલાઈમાં ટોકન લીધા વગર મચ્છીમારી કરવા ગયેલા ખલાસી સામે ગુનો

બીલીમોરા : બીલીમોરા પાસેના ધોલાઈમાં ટોકન લીધા વગર મચ્છીમારી કરવા ગયેલા બોટ માલિક વિરૂધ્ધ મરીન પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ધોલાઈ મરીન પોલીસના પીઆઇ એમ.આર. ચાવડા દ્વારા ધોલાઈ બંદર લેન્ડિંગ પોઇન્ટ પર દરિયામાં માછીમારી કરી પરત આવેલી બોટની તપાસ કરતા માણેક પ્રસાદ 1 નામની બોટ જેનો રજિસ્ટ્રેશન નંબર IND-GJ-15-MM-4283 માં દરિયામાં માછીમારી કરવા માટે ઓનલાઈન ફિશરીઝ વિભાગનું માત્ર 1 ખલાસીનું બોટમાં માછીમારી માટે રજિસ્ટ્રેશન કરાવેલું હતુ. બોટમાં તે સિવાય બીજા 8 ખલાસીઓ મળી આવ્યા હતા. જેઓનું ઓન લાઈન માછીમારી માટેનું ફિશરીઝ વિભાગનું ટોકન લીધેલ ન હોય પોલીસે માછીમારી કરવા ગયેલા બોટના સંચાલક પ્રકાશભાઈ ભાણાભાઈ ટંડેલ (50 રહે કકવાડી ગામ, મેથ્યા ફળિયા, તા.જિ. વલસાડ)ની વિરુદ્ધ ફિશરીઝ વિભાગના ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### નવસારીમાં રેલવે ટ્રેક પાસે હીરા કારીગરનું રહસ્યમય મોત

નવસારી : તા. 26 ફેબ્રુઆરી 2026ના રોજ સાંજે નવસારી રેલવે ટ્રેકની બાજુમાં ફાટક નજીક રાકેશ દંતારામ પંચાલ (ઉ.વ. 49, રહે. વ્રજભૂમિ એપાર્ટમેન્ટ, જલાલપોર) મૃત હાલતમાં મળી આવ્યા હતા. બનાવ અંગે પરિવારજનો દ્વારા જાણ કરવામાં આવી હતી. મૃતક હીરા ઘસવાનું કામ કરતા હતા. પોલીસે મૃતદેહને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે નવસારી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. આ અંગે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં અપ્રાકૃતિક મોત મુજબ નોંધ કરવામાં આવી છે. સાંઢકુવા ચોકીના પી.એસ.આઈ. સી.એસ. ઠુમર દ્વારા મોતના કારણ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### હોળી તહેવારને પગલે શનિવારે વાંસદા બજાર ચાલુ રહેશે

વાંસદા : વાંસદા વ્યાપારી મંડળ દ્વારા જાહેર કરાયા મુજબ વાંસદા પંથકમાં દર મહિનાના ચોથા શનિવારના રોજ બજાર બંધ રહે છે. ત્યારે આગામી દિવસોમાં હોળીનો તહેવાર આવતો હોય જે ધ્યાને રાખતા આજના તા.૨૮/૨/૨૦૨૬ ના રોજ ચોથા શનિવારે વાંસદા વ્યાપારી મંડળ દ્વારા વાંસદા બજાર ચાલુ રાખવાનું જાહેર કરતા આજે બજાર ચાલુ રહેશે.

### નાનાપોંઢાથી જુગાર રમાડતા એક ઝડપાયો

વલસાડ : વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને એલસીબીના પીઆઈ ઉત્સવ બારોટના માર્ગદર્શન મુજબ એલસીબી પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે નાનાપોંઢા, ડુંગરી ફળિયા માર્ગ પર માહીરા ચીકન બિરયાનીની દુકાનની બહાર જુગાર રમાડનાર સોહીલ શેખને ઝડપી રાજેશ ઉર્ફે માસા પટેલ (રહે. ધરમપુર)ને વોન્ટેડ બતાવ્યો હતો.

# ઉમરગામમાં બનનારી 50 કરોડની હોસ્પિટલના પગલે ઘમાસાણ

**UIA** ની ખાસ સાધારણ સભાની બેઠક ભારે વિવાદ વચ્ચે સંપન્ન



ઉમરગામ : ઉમરગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનની મળેલી એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ મિટીંગમાં હોસ્પિટલના ડ્રીમ પ્રોજેક્ટ માટે ટ્રસ્ટ બનાવવા અને ટ્રસ્ટીઓનો સમાવેશ તથા યુઆઈએ ચંદન જીઆઈડીસી હોસ્પિટલના નામના પ્રસ્તાવને મંજૂર કરવામાં આવ્યો હતો. ભારે ઘમાસાણ વચ્ચે આ મિટીંગ સંપન્ન થઈ હતી.

મિટીંગ UIA હોસ્પિટલ પ્રોજેક્ટમાં ટ્રસ્ટ બનાવવા તથા હોસ્પિટલનું નામ રાખવા તથા ટ્રસ્ટમાં કોને કોને સમાવેશ કરવા તે અંગે બોલાવવામાં આવી હતી. આ મિટીંગમાં યુઆઈએના પ્રમુખ દીપક ગુપ્તા, ઉપપ્રમુખ ભગવાન ભરવાડ, સેક્રેટરી તાહેર વોહરા, ટ્રેઝરર આશિષ શાહ તથા મેમ્બરો, દાતાઓ દિલીપ ચંદન, સંતોષ રવેશિયા, સંજયભાઈ તથા ઉદ્યોગપતિ ઈશ્વર બારી, દિલીપ સોહની, અશોક ગુપ્તા, સહિત ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા. મિટીંગમાં ઘણાએ હોસ્પિટલ પ્રોજેક્ટ અને ટ્રસ્ટ ટ્રસ્ટમાં કોને કોને સમાવવા લઈને મુદ્દાઓ ઉપસ્થિત કરતા ભારે વિવાદ સર્જાયો હતો. જોકે દાતાઓએ હોસ્પિટલ પ્રોજેક્ટનું મહત્વ સમજાવી આપણા બધા માટે હોસ્પિટલ ખૂબ જરૂરી છે. જેથી ખેચા ખેચી ન કરવા અને આ હોસ્પિટલ બનવા દો, અમને કોઈ હોદ્દો જોઈતો નથી. એમ કહીને બે હાથ જોડીને બધાને વિનંતી કરતા મામલો થાળે પડ્યો હતો. ત્યારબાદ દાતાઓને આજીવન સભ્ય બનાવવા, તથા હોસ્પિટલનું નામ યુઆઈએ ચંદન જીઆઈડીસી હોસ્પિટલ રાખવા અને આ ટ્રસ્ટ હોસ્પિટલ ચલાવશે તેવું ઠરાવાયું હતું. યુઆઈએના પ્રેસિડન્ટ દીપક ગુપ્તાએ જણાવ્યું હતું કે આ મલ્ટી સ્પેશિયાલિટી 120 બેડની હોસ્પિટલ પાછળ અંદાજે રૂપિયા 50 કરોડ જેટલો ખર્ચ થવાનો છે.

# વેરો બાકી રાખનારા મિલકતદારો સામે વલસાડ પાલિકા લાલઘૂમ

**મિલકત** વેરો ન ભરનારા 23 રો-હાઉસ ધારકોને પાલિકાની અંતિમ નોટિસ

**નગરપાલિકાની** તવાઈને પગલે વિસ્તારના અન્ય બાકીદારોમાં પણ ફફડાટ વ્યાપી ગયો



વલસાડ : વલસાડ શહેરના મોગરાવાડી વિસ્તારમાં આવેલી પ્રમુખ ગ્રીન સોસાયટી અને જલારામ નગરમાં વલસાડ નગરપાલિકા દ્વારા કડક વેરા વસૂલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. લાંબા સમયથી મિલકત વેરો ન ભરનારા 23 જેટલા રો-હાઉસ ધારકોને પાલિકાની ટીમ દ્વારા અંતિમ નોટિસ ફટકારવામાં આવી છે. વલસાડ મોગરાવાડી પ્રમુખ ગ્રીન અને જલારામ નગર 23 રો-હાઉસ મિલકતદારોને નોટિસ આપવામાં આવી છે. આગામી 3 દિવસમાં સંપૂર્ણ વેરો ભરવા જણાવાયું છે. જો નિયત સમયમાં વેરો નહીં ભરાય, તો તમામ મિલકતોને સીલ કરી દેવામાં આવશે. વલસાડ નગરપાલિકાના હાઉસ ટેક્સ સુપ્રિન્ટેન્ડેન્ટ રમણભાઈ રાઠોડે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, પાલિકાની ટીમ દ્વારા અત્યારે વેરા વસૂલાત પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. બાકીદારોને પૂરતો સમય આપવામાં આવ્યો હોવા છતાં વેરો ન ભરાતા હવે મિલકત સીલ કરવા જેવી કડક કાર્યવાહીના નિર્દેશો આપવામાં આવ્યા છે. નગરપાલિકાની આ તવાઈને પગલે વિસ્તારના અન્ય બાકીદારોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

# મિત્રની હાજરીમાં મિત્રની દેવધા ડેમમાં મોતની છલાંગ

**બીલીમોરાના** દેવધા ડેમમા યુવકે બીમારીથી કંટાળી મોતની છલાંગ લગાવી હોવાનું અનુમાન

બીલીમોરા : અંબિકા નદી પરના દેવધા ડેમમા યુવકે મોતની છલાંગ લગાવી જીવન ટૂંકાવ્યું હતું. દેવધા ડેમમા ઓરિયા મોરિયા વિસ્તારમાં રહેતા જીતેશ પટેલે મિત્રની હાજરીમાં જ ડેમમાં ઝંપલાવી આત્મહત્યા કરી લીધી હતી. ઓરિયા મોરિયા વિસ્તારનો રહેવાસી જીતેશ પટેલ મિત્ર સાથે દેવધા ડેમ ખાતે ગયો હતો. તે દરમિયાન જીતેશે ડેમમાં છલાંગ લગાવી દીધી હતી. પોતાની નજર સામે જ મિત્રને ડૂબતો જોઈ ગભરાયેલા મિત્રે પોલીસને જાણ કરતા પોલીસ બાદ પાલિકાના ફાયર જવાનો, તરવૈયાઓની મદદથી શોધખોળ હાથ ધરી હતી અને જીતેશ પટેલનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. પ્રાથમિક વિગતો અનુસાર, જીતેશ પટેલ બીમારીથી પીડાતો હતો. આ બીમારીથી કંટાળીને જ જીતેશે આ અવિચારી પગલું ભર્યું હોવાનું કહેવાય છે. જીતેશે ભરેલા આ અવિચારી પગલાના કારણે માતાએ પોતાનો સહારો ગુમાવ્યો છે. નોંધનીય છે કે, દેવધા ડેમ પર અગાઉ પણ આ પ્રકારની અનેક આત્મઘાતી અને અકસ્માતની ઘટનાઓ બની ચૂકી છે. અગાઉ પણ અનેક યુવાનોએ અહીં મોતની છલાંગ લગાવી હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે, જેના કારણે આ સ્થળ પર સુરક્ષાને લઈને પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે.

# બાળકોના ઝઘડામાં મોટાઓ વચ્ચે મારામારી

**ડાભેલમાં** મોટાઓ વચ્ચે મારામારીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ચાર સામે ગુનો

નવસારી : મરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડાભેલ ગામની નવીનગરીમાં બાળકો વચ્ચે થયેલા ઝઘડામાં મોટાઓ વચ્ચે મારામારીનું રૂપ ધારણ કરતા ચાર લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદી મોસીન હબીબ પઠાણ (ઉ.વ.40)ના પુત્ર અને પાડોશીના બાળક વચ્ચે રમતાં રમતાં તકરાર થઈ હતી. બાદમાં આ મુદ્દે વાતચીત કરવા બોલાવવામાં આવેલા ફરિયાદી સાથે આરોપીઓ ફીરોઝ સોની, સેફઅલી સોની, ઈસ્માઈલ સોની અને સલમાન સોનીએ ગાળો આપી મારામારી કરી હતી. આ બનાવમાં ફરિયાદીને માથા તથા શરીરના ભાગે ઈજાઓ પહોંચતા 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ અંગે મરોલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાઈ એ.એસ.આઈ. ગોપાલભાઈ વિરસિંહ દ્વારા વધુ તપાસ હાથ ધરી છે.

# બોરસી માછીવાડ ગામે વાંદરાનો આતંક કાબૂમાં

**વિદ્યાર્થિની** પર હુમલા બાદ રેસ્ક્યુ ઓપરેશન કરવામાં આવ્યું

નવસારી : નવસારી જિલ્લાના મરોલી વિસ્તારના બોરસી માછીવાડ ગામમાં છેલ્લા કેટલાક સમયથી લોકોને પરેશાન કરતો આક્રમક વાંદરો આખરે વન વિભાગ અને વાઇલ્ડલાઈફ રેસ્ક્યુ ટીમ દ્વારા પકડી પાડવામાં આવ્યો છે. આ કાર્યવાહી બાદ ગામમાં રાહતનો માહોલ જોવા મળ્યો છે. તાજેતરમાં બોરસી માછીવાડ પ્રાથમિક શાળામાં રિસેસ દરમિયાન વાંદરો અચાનક કેમ્પસમાં ઘૂસી આવતા બાળકોમાં દોડધામ મચી ગઈ હતી. આ ગભરાટ દરમિયાન ધોરણ 6માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીને નીચે પડી જતા તેના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

પ્રાથમિક સારવાર બાદ તેને વધુ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી અને હાલ તેની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈને વન વિભાગ અને નવસારીની વાઇલ્ડલાઈફ વેલ્ફેર ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું.

ભારે જહેમત બાદ આક્રમક વાંદરાને સુરક્ષિત રીતે પાંજરામાં ઝડપી લેવામાં આવ્યો હતો. આ સફળ રેસ્ક્યુ ઓપરેશન બાદ ગામજનો અને શાળાના વાલીઓએ રાહતનો શ્વાસ લીધો છે.


### "ટુંકી મુદતની જાહેર નિવિદા"
### આત્મા પ્રોજેક્ટ વલસાડ
### વર્ષ ૨૦૨૫-૨૦૨૬

આત્મા પ્રોજેક્ટ, ખેડુત તાલીમ કેન્દ્ર - પારડી, જિ. વલસાડ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમિયાન આત્મા કચેરી વલસાડ હેઠળ ચાલતી યોજના સંદર્ભે ઇન્ટરનલ ઓડિટ અને સ્ટેચ્યુટરી ઓડિટ માટે સી.એ. ફર્મના ભાવો મંગાવવાના થાય છે. તો રસ ધરાવતી ફર્મ દ્વારા પોતાના લેટર હેડ પર ઇન્ટરનલ ઓડિટ અને સ્ટેચ્યુટરી ઓડિટ બન્નેના અલગ અલગ ભાવો ભરી સિલબંધ કવરમાં તારીખ ૧૩-૦૩-૨૦૨૬ સુધીમાં રજિસ્ટર એડી / સ્પીડ પોસ્ટ થી અત્રેની કચેરીને મોકલવાના રહેશે.

સ્થળ - પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા પ્રોજેક્ટ, ખેડુત તાલીમ કેન્દ્ર, સ્ટેશન રોડ, કિલ્લા પારડી, જિ. વલસાડ ૩૯૬૧૨૫

તારીખ- ૨૭-૦૨-૨૦૨૬

પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા પ્રોજેક્ટ
ખેડુત તાલીમ કેન્દ્ર - પારડી, વલસાડ

ન. માહિતી/વલસાડ/૯૩૩/૨૦૨૬

### ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

### જાહેર નિવિદા નં. ૨૨, સને ૨૦૨૫-૨૬
પંચાયત સિંચાઇ વિભાગ, નવસારી.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેર, પંચાયત સિંચાઈ વિભાગ, જુનાથાણા, જિલ્લા પંચાયત ભવન, નવસારી. પીન કોડ નં. ૩૯૬૪૪૫ ફોન નં: (૦૨૬૩૭) ૨૪૮૫૦૨ની કચેરી દ્વારા સરકારશ્રી અને એસ.બી.એમ માંથી મંજુર થયેલ ચેકડેમ / ચેકડેમ કમ કોઝવે, વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર, એફ.પી, એ.બી.આરના કુલ ૮૬ કામો માટે નવસારી જીલ્લામાં નોંધાયેલ મજુર સહકારી મંડળી પાસેથી ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૧. ઓનલાઇન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૧૬/૦૩/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી. |
| ૨. સબમિશન ઓફ ટેન્ડર ડોક્યુમેન્ટ | ઇ - ટેન્ડર નોટીસમાં વિગતે દર્શાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા. ૨૩/૦૩/૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન રજી. પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ દ્વારા જ સ્વીકારવામાં આવશે. |
| ૩. ઓનલાઇનથી આવેલ ટેન્ડર ખોલવાની તારીખ. | શક્ય હશે તો તા. ૨૪/૦૩/૨૦૨૬ ના રોજ, ૧૧.૩૦ કલાક બાદ, કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ સિંચાઇ વિભાગ, નવસારીની કચેરીમાં ખોલવામાં આવશે. (ફોન નં. ૦૨૬૩૭ - ૨૪૮૫૦૨) |

આ કામની વિગતવાર નોટીસ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપરાંત વેબસાઇટ www.nwr.nprocure.com અને www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે.

કાર્યપાલક ઇજનેર,
પંચાયત સિંચાઇ વિભાગ,
નવસારી.

માહિતી/નવસારી/૭૨૩/૨૦૨૬

बैंक ऑफ़ बड़ौदा / Bank of Baroda

કવાસ શાખા, સુરત : ઘર નં.૬૨, નિશાળ ફળિયા, કવાસ, તા. ચોર્યાસી, જી.સુરત (ગુજરાત)–૩૯૪૫૧૦, ફોન : ૦૨૬૧–૨૮૬૦૨૪૨
Email : kavas@bankofbaroda.om

### (સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ) દેવાદારને નોટીસ

**પ્રતિ, ૧. મેસર્સ રાધારાણી ક્રિએશન (એક ભાગીદાર પેઢી) (ભાગીદાર અતુલ અશોક કુમાર શર્મા અને શ્રીમતી નલીની શર્મા)**

સરનામું : પ્લોટ નં. ૨૭ – ૧ લો માળ, વિશાલ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, નવજીવન સર્કલ નજીક, ઉધના મંગદલ્લા રોડ, સુરત– ૩૯૫૦૧૭.

**૨. શ્રી અતુલ અશોક કુમાર શર્મા (ભાગીદાર), ૩. શ્રીમતી નલીની અતુલ શર્મા (ભાગીદાર)**

એ–૫૦૧, આર્શીવાદ કોમ્પલેક્ષ, ઉમાભવન સામે, ભટાર રોડ, સુરત સીટી, સુરત, ગુજરાત– ૩૯૫૦૦૭

મહેરબાનશ્રી,

**વિષય : અમારી કાવાસ શાખામાંથી મેળવેલ ક્રેડીટ સુવિધા અંગે.**

અમારા તા.૨૨.૦૭.૨૦૨૪ ના રોજના પત્ર ક્રમાંક : BOB: KAVAS:2024, માં જણાવ્યા મુજબ તમારૂ એડવાન્સ ખાતા ની ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોકત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાટીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો હતો. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ પુરી પાડી હતી જે ખાતાની બાકી વિગત નીચે મુજબ છે.

| સુવિધાનો પ્રકાર | લીમીટ | મંજૂરી પર વ્યાજનો દર | ૧૬.૦૨.૨૦૨૬ ના રોજની બાકી | કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત |
|---|---|---|---|---|
| ટર્મ લોન ખાતા નં. ૧૪૬૦૦ ૬૦૦૦૦ ૧૮૬૪ | રૂા. ૫૦,૦૦,૦૦૦/– (અંકે રૂા. પંચાસ લાખ) | ૯.૬૫% + ૨% (પેનલ વ્યાજ) વાર્ષિક | રૂા. ૪૩,૫૬,૩૦૭.૦૮ (લાગુ નહી કરેલ વ્યાજ સહિત રૂા.૧૭,૮૯૫.૭૩ + અનસર્વિસ્ડ વ્યાજ રૂા.૧,૧૩,૫૬૪.૦૦ + ચક્રવૃદ્ધિ વ્યાજ રૂા. ૭૧૬) + વધારાનું વ્યાજ અને તેના પરના અન્ય ચાર્જીસ | હાઈપોથીકેશન મશીનરી, ઈક્યુપમેન્ટ, ૧) મલ્ટી એમ્બ્રોડરી મશીન + ૪ સિકવન્સ + ૪ કોર્ડિંગ મોડેલ : લીઝા પ્રો ૯ – ૯૨૩/૨૫૦/૧૩૫૦ અનુ નં. ૧૧૦૩૩૨૨ તમામ પ્રમાણભુત એસેસરીઝ સાથે ૨) મલ્ટી એમ્બ્રોડરી મશીન + ૪ સિકવન્સ + ૪ કોર્ડિંગ મોડેલ : લીઝા પ્રો ૯ – ૯૨૩/૨૫૦/૧૩૫૦ અનુ નં. ૧૧૦૩૩૨૬ તમામ પ્રમાણભુત એસેસરીઝ સાથે |
| કુલ : | રૂા. ૫૦,૦૦,૦૦૦/– (અંકે રૂા. પંચાસ લાખ) | | રૂા. ૪૩,૫૬,૩૦૭.૦૮ (લાગુ નહી કરેલ વ્યાજ સહિત રૂા.૧૭,૮૯૫.૭૩ + અનસર્વિસ્ડ વ્યાજ રૂા.૧,૧૩,૫૬૪.૦૦ + ચક્રવૃદ્ધિ વ્યાજ રૂા. ૭૧૬) + વધારાનું વ્યાજ અને તેના પરના અન્ય ચાર્જીસ | |

**સુરક્ષિત મિલકત નું વર્ણન :** ૧) મલ્ટી એમ્બ્રોડરી મશીન + ૪ સિકવન્સ + ૪ કોર્ડિંગ મોડેલ : લીઝા પ્રો ૯ – ૯૨૩/૨૫૦/૧૩૫૦ અનુ નં. ૧૧૦૩૩૨૨ તમામ પ્રમાણભુત એસેસરીઝ સાથે ૨) મલ્ટી એમ્બ્રોડરી મશીન + ૪ સિકવન્સ + ૪ કોર્ડિંગ મોડેલ : લીઝા પ્રો ૯ – ૯૨૩/૨૫૦/૧૩૫૦ અનુ નં. ૧૧૦૩૩૨૬ તમામ પ્રમાણભુત એસેસરીઝ સાથે. CERSAI ID: 400083158785

૧)લોન કરારના દસ્તાવેજોના આધારે બેંકની બાકી રકમ **રૂા.૫૦,૦૦,૦૦૦/–** ની જવાબદારી સ્વીકારી છે. ઉપરોકત બાકી રકમ **તા.૨૨.૦૭.૨૦૨૪** સુધીના વ્યાજ સહિત છે. ખાતામાં અન્ય ચાર્જીસ ઉધારેલ નથી. ૨) તમે જાણો છો કે તમે **ડિસેમ્બર–૨૦૨૫** ના રોજ પૂરા થયેલ માસ માં ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **તા.૧૫.૧૧.૨૦૨૫** ના રોજ ચુકવણીમાં કસુર કરેલ છે. ૩) તમે કરેલ કસુર બદલ તમારૂં લોન એકાઉન્ટ **તા.૧૩.૦૨.૨૦૨૬** ના રોજ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. ૪) લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂા.૪૩,૫૬,૩૦૭.૦૮/– (રૂપિયા તેતાલીસ લાખ છપ્પન હજાર ત્રણસો સાત અને આઠ પૈસા પુરા)** + લાગુ નહી કરેલ વ્યાજ અને અનસર્વડ વ્યાજ અને અન્ય ચાર્જીસની જવાબદારી માં જણાવ્યા મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૫) કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૬) તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્ય ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. ૭) વધુમાં અમે ધારા ૧૩ની પેટા કલમ (૮) મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી. ૮) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધિત છે.

તા.૧૬.૦૨.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, કવાસ શાખા.

### જાહેર નિવિદા નં- ૪૪ સને ૨૦૨૫-૨૬
માર્ગ અને, મકાન વિભાગ, ગુજરાત રાજ્ય

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, વલસાડ (મા.×મ.) વિભાગ, સેવા સદન-૨, પેહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન-ન- (૦૨૬૩૨) ૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઈટ https://www.rnb.nprocure.com ઉપરથી જોવા મળશે.

| અ. ન. | કામનું નામ | અંદાજી રકમ (લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સ્ટ્રેઘનીંગ & રીસર્ફેસીંગ ઓફ પાનસ અમઘા અરણાઈ નળીમધની રોડ કિ.મી ૦/૦ થી ૧૨/૪૦ (એમ.ડી.આર), તા-નાનાપોંઢા, જી-વલસાડ | રૂ. ૧૩૯૬.૫૧ લાખ |
| ૨ | કન્સ્ટ્રકશન ઓફ સાયન્સ કોલેજ એટ કલગામ, તા-ઉમરગામ, ડિ-વલસાડ | રૂ. ૨૧૦૮.૮૯ લાખ |

ઉપરોક્ત કામ વેબસાઈટ ઉપરથી તા.૨૫/૦૩/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે. અને શક્ય હશે તો ટેન્ડરો (પી.કયું) બીજા દિવસે ખોલવામાં આવશે. પ્રી. બીડ મીટીંગ તા. ૧૮/૦૩/૨૦૨૬ નાં રોજ વર્તુળ કચેરી સુરત ખાતે ૧૨:૦૦ કલાકે રહેશે

ન. માહિતી/વલસાડ/૯૩૫/૨૦૨૬

### સુરત મહાનગરપાલિકા
### જાહેર અપીલ

સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક તથા મશીનહોલની સાફ-સફાઈ મશીનરીઓ ધ્વારા જ કરાવવામાં આવે છે.પરંતુ શહેરના છેવાડે આવેલ વિસ્તારોમાં ખાનગી ડ્રેનેજ લાઈનના મેઈનટેનન્સ તથા સેપ્ટીક ટેન્ક ડીસ્વીટીંગ કરવા માટે ખાનગી વ્યકિત/સંસ્થાઓ પાસે મેન્યુઅલ (હાથથી) સફાઈની કામગીરી કરાવવામાં આવતી હોવાનું સમાચારના માધ્યમથી જાણવા મળે છે. આ પ્રકારની કામગીરી માણસો પાસે કરાવવી જોખમી હોય તેમજ તેમાં જાન-માલની સલામતી જોખમાઈ તેમ હોય, સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના છેવાડે આવેલા વિસ્તારોમાં મેન્યુઅલ સ્કેવેન્જીંગ કામગીરી પર સંપુર્ણ પણે પ્રતિબંધ લાવવા સારૂ આ પ્રકારની કામગીરી મશીનરી ધ્વારા થાય તે સારૂ તે નજીકની ઝોન ઓફીસનો સંપર્ક કર્યેથી જુદી જુદી સીવર કલીનીંગ મશીનરી ભાડા પેટે ફાળવવામાં આવે છે. જેથી શહેર તેમજ શહેરના છેવાડે આવેલા લોકોને સુરત મહાનગરપાલિકાની આ સુવિધાનો મહત્તમ લાભ લેવા જાહેર અપીલ કરવામાં આવે છે.

નામદાર સુપ્રીમ કોર્ટમાં થયેલ રીટ પીટીશન (સીવીલ) નં. ૫૮૩/૨૦૦૩, તા.૨૭/૦૩/૨૦૧૪ તથા રીટ પીટીશન (સીવીલ) નં. ૩૨૪/૨૦૨૦, તા.૨૦/૧૦/૨૦૨૩ ચુકાદાઓ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પલોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ઘેર રીહેબીલીટેશન એકટ-૨૦૧૩, મુજબ સુરત શહેરમાં કોઈપણ ડ્રેનેજ ચેમ્બર/મશીનહોલ/ખાળકુવા/સેપ્ટીક ટેન્ક/ભુર્ગભ ગટર વિગેરેમાં સફાઈ કામદારોને ઉતારી મેન્યુઅલ કામગીરી કરવાનું પ્રતિબંધિત હોવા અંગે અવાર નવાર જાહેર ચેતવણી વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. ઉકત કાયદા/જોગવાઈઓ/સુચનાઓનો ભંગ થયેથી ઉદભવિત પરિસ્થિતિ બાબતે સંપુર્ણ જવાબદારી કાયદાનો ભંગ કરનાર સંસ્થા / ઈસમોની રહે છે તેમજ ફોજદારી રાહે પગલા ભરવા તથા મરનારના કાયદેસરના વારસદારને ચુકવવા પાત્ર વળતરની સંપુર્ણ રકમ સંબંધિત હોદ્દેદારો/માલિકોએ ભોગવવાની રહે છે.ખાનગી રાહે થતી આવી બિનઅધિકૃત કામગીરી અંગે સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેતી નથી.

વધુમાં સુરત શહેર હદ વિસ્તારમાં આવેલ જાહેર રોડ રસ્તાઓ પર આવેલ ડ્રેનેજ મશીનહોલ/ સેપ્ટીક ટેંક ના ઢાંકણ અધિકૃત વ્યકિત સિવાય ખોલવાની સખત મનાઈ છે તથા આ ચેમ્બરો/ મશીનહોલ/ સેપ્ટીંક ટેંકના ઢાંકણ તુટેલ અથવા જર્જરીત અવ્યસ્થામાં જણાય તો તેની ફરીયાદ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન તથા ડ્રેનેજ ચેમ્બર/ મશીનહોલ/ ખાળકુવા/સેપ્ટીક ટેન્ક/ભુર્ગભ ગટર વિગેરેને લાગત કામગીરી માટે ઈમરજન્સી રીસપોન્સ સેનીટેશન યુનિટ (ERSU) ૨૪×૭ કાર્યરત હેલ્પલાઈન નં.૧૪૪૨૦ પર ફરીયાદ નોંધાવવી ઉપરાંત ડ્રેનેજ સફાઈ કામગીરી અંગેની વધુ જાણકારી માટે સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ ડ્રેનેજ વિભાગ,તાડવાડી,રાંદેર ખાતેની ઓફીસનો સંપર્ક કરવા તમામ નાગરીકોને અપીલ કરવામાં આવે છે.

નં.પી.આર.ઓ./૬૮૮/૨૦૨૫-૨૬ — મ્યુ. કમિશ્નર
તારીખ:- ૨૭/૦૨/૨૦૨૬ — સુરત મહાનગરપાલિકા